eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 128
February 1, 2008

## સુમન સ્કુલનો રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો સાતમો આંતરશાળા રમતોત્સવ તા.૨૪–૦૧–૨૦૦૮ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.ડેપ્યુટી કમિશનરશ્રી (જનરલ) નાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત એ માન.ડેપ્યુટી કમિશનર (જનરલ) શ્રી મહેશસીંગ, યાક અને મે.ડેપ્યુટી કમિશનર(સ્પે.) શ્રી પી. જે. ઝાલાનું આવકાર સાથે સ્વાગત કર્યુ હતું

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની અખબારી યાદી
## ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.ર ૮૨/બી ગેરકાયદેસર બાંધકામ બાબત

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૮૨/બી માં પટેલનગર ફલાય ઓવરબ્રીજ પાસે, કુલમાર્કેટ પાસે આવેલ અજન્ટા ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ સબ પ્લોટ નં.૧/એ, વાળી મિલ્કત ભોંયતળિયા વત્તા બે માળની છે .

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે તા. ૨૬.૦૧.૨૦૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે પાંડેસરા ગુજરાત હાઉસીંગબોર્ડ સી.ઓ.પી. નં.–૧૭ પાણીની ટાંકી ઉધના ખાતે પરેડની સલામી ઝીલ્યા બાદ મા.મેયર ડો.કનુભાઈ માવાણી વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતું કે સત્તા અને સંપતિની લાલસામાં તેમજ દેશને ધર્મવાદ, જાતિવાદ, ન્યાતવાદ, આંતરવાદ દુર થવા જોઈએ




વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો" "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮"

સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો" "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮" તા.૦૩–૦૨–૨૦૦૮ થી તા.૧૦–૦૨–૨૦૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે દેશ ભકિત ગીત / પોટ પેઈન્ટીંગ / જનરલ નોલેજ કવીઝ/ વેશભુષા / ગૃપ ડિસકશન / નિબંધ / ચિત્રકામ / કાર્ડ મેકીંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

વધુ માટે કલીક કરો >>>>>>

## જય પ્રકાશ નારાયણ માર્ગ ( રીંગરોડ ) પર મજુરાગેટ ખાતે આર.ટી.ઓ.ઓફિસથી વિશ્વકર્મા આર્કેડ સુધીના ફલાય ઓવર બ્રીજની લોકાર્પણવિધિ

પર્યાવરણ સુધારણા અને ટ્રાફિક સરણીકરણની દિશામાં આગે કૂચ કરતાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જય પ્રકાશ નારાયણ માર્ગ ( રીંગરોડ ) પર મજુરાગેટ ખાતે આર.ટી.ઓ.ઓફિસથી વિશ્વકર્મા આર્કેડ સુધીના રૂા. ૫ કરોડના ખર્ચે સાકારિત ફલાય ઓવર બ્રીજની લોકાર્પણવિધિ આજરોજ તા.૩૦–૦૧–૨૦૦૮ના રોજ સવારે ૧૦ કલાકે મા.મેયરશ્રી ર્ડા.કનુભાઈ માવાણીના વરદ્દહસ્તે સંપન્ન થઈ .



વધુ માટે કલીક કરો >>>>>>

## સુમન સ્કુલનો રમતોત્સવ




સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો સાતમો આંતરશાળા રમતોત્સવ તા.૨૪–૦૧–૨૦૦૮ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.ડેપ્યુટી કમિશનરશ્રી (જનરલ) નાં વરદ્દ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીત એ માન.ડેપ્યુટી કમિશનર (જનરલ) શ્રી મહેશસીંગ, IFS અને મે.ડેપ્યુટી કમિશનર(સ્પે.) શ્રી પી. જે. ઝાલાનું આવકાર સાથે સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં આ રમતોત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને રમત–ગમત દરમ્યાન હાર–જીતનું મહત્વ ગૌણ સમજી સ્પોર્ટસમેનશીપનું પ્રદર્શન કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધનમાં ડેપ્યુટી કમિશનર (જનરલ) શ્રી મહેશસીંગ, IFS એ જણાવ્યું હતું કે, કોઈપણ રમત હોય, તેમાં એક વ્યકિત કે એક ટીમની જ જીત થાય છે. પરંતુ રમત–ગમતમાં સ્પોર્ટસમેનશીપ ઘણી જ અગત્યની બાબત હોય, જે જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે. જયારે શ્રી પી. જે. ઝાલા, ડેપ્યુટી કમિશનરશ્રી(સ્પે.) એ તેમનાં પ્રવચનમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે ફકત પુસ્તકીયુ જ્ઞાન જ પૂરતું નથી, પુસ્તકોની સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં પણ અંગત રસ લેવામાં આવે તો વિદ્યાર્થીનો માનસિક તથા શારીરિક વિકાસ વધુ દૃઢ બની શકે છે. વધુમાં તેઓએ સુમન હાઈસ્કુલ નં.૫ (લિંબાયત) નાં વિદ્યાર્થી શ્રી લીમજે રૂપેશ રાજુભાઈએ જ્ઞાનવર્ધક કસોટીમાં શહેરની ૩૦૦ શાળાઓનાં ૨૩૦૦૦ વિદ્યાર્થીઓને મહાત કરી જે સિધ્ધી મેળવેલ તેને બિરદાવી હજુ પણ વધુ પ્રગતિ સાંધે તે માટે પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

આ આંતર રમતોત્સવમાં ભાઈઓ તથા બહેનોની ૧૦૦, ૨૦૦ મીટર દોડ લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક, કબડ્ડી, ખો–ખો તથા વોલીબોલ વિગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કુલ–૪૧૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. તે પૈકી વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને તથા રાજયકક્ષાએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ સુમન હાઈસ્કૂલોનું નામ રોશન કરનાર વિદ્યાર્થીનીને માન.ડેપ્યુટી કમિશનરશ્રી (સ્પે.), ડેપ્યુટી કમિશનરશ્રી(પ. અને ઈ.) તરફથી ટ્રોફીઓ એનાયત કરવામાં આવેલ. વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા સુમન હાઈસ્કૂલોનાં નામોનું લીસ્ટ આ સાથે સામેલ છે.

આંતરશાળા રમતોત્સવ દરમ્યાન શ્રી ગુરૂકુળ વિદ્યાપીઠ, એન. વી. ધમણવાળા હાઈસ્કુલનાં શિક્ષક શ્રી જયેશભાઈ પટેલ તથા સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનનાં કર્મચારી શ્રીમતિ સ્મૃતિબેન ડી. પટેલ એ નિર્ણાયક તરીકે તથા એનાઉન્સર તરીકે સેનેટરી ઈન્સ્પેકટર શ્રી મોહંમદ ઈકબાલ શેખ એ ખૂબ સારી સેવા આપેલ છે. આભારવિધિ સુમન હાઈસ્કુલોનાં નિરિક્ષક શ્રી ગોવિંદભાઈ કિડેચાએ કરી હતી.

સમગ્ર આંતર રમતોત્સવ સ્પર્ધાનું સફળ આયોજન સુમન હાઈસ્કુલ સેલ તરફથી કરવામાં આવેલ હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ સેલ યોજીત સાતમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૭–૦૮ વિજેતાઓની યાદી : તા.૨૪/૦૧/૨૦૦૮

| અ.નં. | રમતનું નામ | વિજેતાનું નામ | હાઈસ્કૂલનું નામ | મેળવેલ ક્રમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ મીટર દોડ(ભાઈઓ) | રાઠોડ નિતેશ | સુમન હાઈસ્કુલ નં.૪(અડાજણ) | પ્રથમ |
| | અ"– | ગામીત સંજય | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | બીજો |
| ૨ | ૧૦૦ મીટર દોડ(બહેનો) | ભીમાણી વર્ષા | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | પ્રથમ |
| | –"– | બીરાડે અનિતા | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | બીજો |
| ૩ | ૨૦૦ મીટર દોડ(ભાઈઓ) | વાણીયા સુરેશ | સુમન હાઈસ્કુલ નં.૨(વરાછા) | પ્રથમ |
| | –"– | હજારે રોનક | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | બીજો |
| ૪ | ૨૦૦ મીટર દોડ(બહેનો) | ગજ્જર દિપાલી | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | પ્રથમ |
| | –"– | કાકણે શારદા | સુમન હાઈસ્કુલ નં.૫(લિંબાયત) | બીજો |
| ૫ | લાંબી કૂદ (ભાઈઓ) | મરાઠે ઘનશ્યામ | સુમન હાઈસ્કુલ નં.૫(લિંબાયત) | પ્રથમ |
| | –"– | ગામીત સંજય | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | બીજો |
| ૬ | લાંબી કૂદ (બહેનો) | બીડકર અનિતા | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | પ્રથમ |
| | –"– | સરવૈયા નૂતન | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | બીજો |
| ૭ | ગોળા ફેંક (ભાઈઓ) | બચ્છાવ મનોજ | સુમન હાઈસ્કુલ નં.૫(લિંબાયત) | પ્રથમ |
| | –"– | રાઠોડ ચેતન | સુમન હાઈસ્કુલ નં.૮(ડીંડોલી) | બીજો |
| ૮ | ગોળા ફેંક (બહેનો) | ભીમાણી વર્ષા | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | પ્રથમ |
| | –"– | વિનાયક ભાવના | સુમન હાઈસ્કુલ નં.૬(ઉધના) | બીજો |
| ૯ | ચક્ર ફેંક (ભાઈઓ) | ભટ્ટી તૌસી ગુલામભાઈ | સુમન હાઈસ્કુલ નં.૪(અડાજણ) | પ્રથમ |
| | –"– | વાઘ સુનિલ ડી. | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | બીજો |
| ૧૦ | ચક્ર ફેંક (બહેનો) | બિડકર અનિતા | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | પ્રથમ |
| | –"– | જીયાણી પારસ | સુમન હાઈસ્કુલ નં.૨(વરાછા) | બીજો |
| ૧૧ | બરછી ફેંક (ભાઈઓ) | બાગુલ અમૃત | સુમન હાઈસ્કુલ નં.૫(લિંબાયત) | પ્રથમ |
| | –"– | વાઘેલા કેયૂર | સુમન હાઈસ્કુલ નં.૨(વરાછા) | બીજો |
| ૧૨ | બરછી ફેંક (બહેનો) | શેલડીયા કાજલ | સુમન હાઈસ્કુલ નં.૨(વરાછા) | પ્રથમ |
| | –"– | સરોજ પૂજા રામકેવલ | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | બીજો |
| ૧૩ | કબડ્ડી (ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૪(અડાજણ) | | બીજો |
| ૧૪ | કબડ્ડી (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૫(મરાઠીમાધ્યમ–લિંબાયત) | | બીજો |
| ૧૫ | ખોખો (ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૧(પાંડેસરા) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | બીજો |
| ૧૬ | ખોખો (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૫(મરાઠીમાધ્યમ–લિંબાયત) | | બીજો |
| ૧૭ | વોલીબોલ(ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૭(જવાહરનગર) | | પ્રથમ |
| | – " – | સુમન હાઈસ્કુલ નં.૪(અડાજણ) | | બીજો |
| ૧૭ | વોલીબોલ(બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | પ્રથમ |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૯(કાપોદ્રા) | | બીજો |

TOP

# પૂર્વઝોન (વરાછા)ની અખબારી યાદી

## ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.ર ૮ર/બી ગેરકાયદેસર બાંધકામ બાબત

પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૮ર/બી માં પટેલનગર ફલાય ઓવરબ્રીજ પાસે, ફુલમાર્કેટ પાસે આવેલ અજન્ટા ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ સબ પ્લોટ નં.૧/એ, વાળી મિલ્કત ભોંયતળિયા વત્તા બે માળની છે. જેમાં ત્રીજા માળે ઈન્ડસ્ટ્રીયલના હેતુ માટે આશરે ૧૩૦૦ ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.કોલમ બીમ તથા સ્લેબ લેવાનું તથા ઈંટના ચણતરની દિવાલો લેવાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે પૈકી ઈંટના ચણતરની દિવાલો દુર કરવામાં આવેલ છે. તથા આર.સી.સી.સ્લેબ દુર કરવાનું કામ ચાલુ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે તા. ૨૬.૦૧.૨૦૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે પાંડેસરા ગુજરાત હાઉસીંગબોર્ડ સી.ઓ.પી. નં.–૧૭ પાણીની ટાંકી ઉધના ખાતે પરેડની સલામી ઝીલ્યા બાદ મા.મેયર ડો.કનુભાઈ માવાણી વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતું કે સત્તા અને સંપતિની લાલસામાં તેમજ દેશને ધર્મવાદ, જાતિવાદ, ન્યાતવાદ, આંતરવાદ દુર થવા જોઈએ. તેમજ લોકશાહી એટલે કે લોકો માટે અને લોકો વડે એવી લોકશાહી જનતાનાં સહીયારા પ્રયાસથી રાષ્ટ્રમાં સ્વતંત્રના બીજ વાવી રાષ્ટ્ર વિકાસનાં અભિયાનમાં જોડાવા અપીલ કરી જણાવ્યું હતું કે આજે દેશના લોકો ઉત્સવો ઉજવે છે તેની સાથોસાથ મુળભૂત હેતુ સિધ્ધ કરવા માટેના પ્રયત્નો કરવા જરૂરી છે.

ત્યાર બાદ પી.એચ.બચકાનીવાલા, સારથી કલાસીસ, સનગ્રેસ વિદ્યાલય, ઉધના એકેડમી પ્રાથમિક શાળા, હીલ્સ નર્સરી,પી.એચ.બચકાનીવાલા,નવદીપ વિદ્યાલય, સર્જનશ્રી નર્તન અકાડમી દ્વારા દેશ ભકિત ગીત આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી મહાનુભવો તેમજ વિશાળ જનમેદનીના મનમોહી લીધા હતાં.

આ ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ નિમિત્તે મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ, મ્યુ.કમિશનર કુ. એસ. અપર્ણા, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને સાંજે ૭.૦૦ કલાકે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનો શહેરીજનો અને ખાસ કરીને પાંડેસરાના વિસ્તારની જનતાએ લ્હાવો લીધો હતો.




TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો" "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮"

સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો" "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮" તા.૦૩–૦૨–૨૦૦૮ થી તા.૧૦–૦૨–૨૦૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે દેશ ભકિત ગીત / પોટ પેઈન્ટીંગ / જનરલ નોલેજ કવીઝ/ વેશભુષા / ગૃપ ડિસકશન / નિબંધ / ચિત્રકામ / કાર્ડ મેકીંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ સ્પર્ધાઓના ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, કાશમીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતે ઓફિસ સમય દરમ્યાન મળશે. ઉપરોકત તમામ સ્પર્ધાઓના ફોર્મ ભરીને સ્વીકારવાની છેલ્લી તા.૧–૨–૨૦૦૮ રહેશે.

TOP

# સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીજીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી ર્ડા. કનુભા માવાણી, ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ર્ડા.જગદીશભાઈ પટેલ, મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણા તથા ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ.સદ્દસ્યશ્રીઓ, તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક તેમજ એચ.એચ.એચ.પ્રાયમરી ઈંગ્લીશ સ્કુલ, મહિલાવિદ્યાલય મંડળ સંચાલિત શાળાના નાના ભુલકાઓ હાજર રહયા હતા તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP

# જય પ્રકાશ નારાયણ માર્ગ ( રીંગરોડ ) પર મજુરાગેટ ખાતે આર.ટી.ઓ.ઓફિસથી વિશ્વકર્મા આર્કેડ સુધીના ફલાય ઓવર બ્રીજની લોકાર્પણવિધિ

પર્યાવરણ સુધારણા અને ટ્રાફિક સરણીકરણની દિશામાં આગે કૂચ કરતાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જય પ્રકાશ નારાયણ માર્ગ ( રીંગરોડ ) પર મજુરાગેટ ખાતે આર.ટી.ઓ.ઓફિસથી વિશ્વકર્મા આર્કેડ સુધીના રૂા. ૫ કરોડના ખર્ચે સાકારિત ફલાય ઓવર બ્રીજની લોકાર્પણવિધિ આજરોજ તા.૩૦–૦૧–૨૦૦૮ના રોજ સવારે ૧૦ કલાકે મા.મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણીના વરદ્દહસ્તે સંપન્ન થઈ.



સુરત શહેરના પૂર્વ–પશ્રિમ તથા ઉત્તર–દક્ષિણના વિસ્તારને જોડતો તથા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, સીવીલ હોસ્પિટલ, ટેક્ષટાઈલ માર્કેટ જેવા વિસ્તારને સાંકળતાં અતિ મહત્વનાં રીંગરોડ ઉપર મજુરાગેટથી ઉધના દરવાજા જંકશન સુધીના જુદા જુદા ચાર જંકશનોને આવરી લેતા કુલ ૪(ચાર) ફલાય ઓવર બ્રીજ બાંધવાનું આયોજન કરવામાં આવેલ. તે પૈકી ઉધનાગેટ જંકશન ઉપર અંદાજે રૂા. ૫૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ફલાય ઓવરનું માર્ચ ૨૦૦૭ દરમ્યાન તેમજ કડીવાલા સ્કુલ તથા સબ જેલ જંકશનોને આવરી લેતા અંદાજે રૂા. ૯૩૬.૫૫ લાખના ખર્ચે તૈયાર થયેલ ફલાય ઓવર બ્રીજ ટ્રાફિક માટે સપ્ટેમ્બર–૨૦૦૭ દરમ્યાન ખુલ્લો મુકવામાં આવેલ છે. હાલમાં મજુરા જંકશનને આવરી લેતાં ફલાય ઓવર બ્રીજનું કામ પુર્ણ થયેલ હોય તેનું ટ્રાફિક માટે ખુલ્લો મુકવામાં આવી રહેલ છે.

આ ફલાય ઓવર બ્રીજ બનવાથી શહેરના અઠવાગેટથી દિલ્હીગેટ સુધીના રીંગરોડ ઉપર ટ્રાફિક સંબંધિત ફ્રી મુવમેન્ટ કરી શકશે. અને તેથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન તો હલ થશેજ સાથે સાથે શહેરની શોભામાં અભિવૃધ્ધિ થશે અને મહાનગરપાલિકાની યશકલગીમાં વધુ એક સોનેરી પીચ્છ ઉમેરાશે.




મજુરાગેટ જંકશનને આવરી લેતાં આ ફલાય ઓવર બ્રીજની એપ્રોચ સહિત કુલ લંબાઈ ૪૩૩ મીટર છે. તથા તે બે લેઈન (૭.૫૦ મી.) + બે લેઈન (૭.૫૦ મી.) મળી કુલ ચાર લેન જેટલી પહોળાઈ ધરાવે છે. તેમજ આ બ્રીજની કુલ ૫૦૦ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. આ પ્રસંગે મ્યુ.કમિશ્નરશ્રી એસ.અપર્ણા, ડે.મેયરશ્રી કૌશિકાબેન દેશાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, નેતાશ્રી શાસકપક્ષ ડૉ.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી આ કાર્યક્રમ સફળતા પુર્વક સંપન્ન થયો હતો.

TOP